# ડો. કિરણ પટેલ, એમ.ડી. એફ.એ.સી.સી.

<u>ડોકટર,</u>
<u>સફળ ઉદ્યોગપતિ,</u>
<u>સામાજિક આગેવાન,</u>
<u>વતનપ્રેમી સેવાવ્રતી દાતા</u>



શું કર્યું છે એનો હિસાબ કયાં માંડવો? બહુ થોડું કર્યું છે અને હજુ ઘણું બધું કરવાનું બાકી છે એટલો જ હિસાબ મેં રાખ્યો છે. મને કોઇ આશીર્વાદ આપે ત્યારે હું કહું છું કે મને એવા આશીર્વાદ આપો કે હું સતત કોઇનું ભલું કરતો રહું... હું ભલે યોગી ન બનું, પણ બીજાને ઉપયોગી તો બની શકુંને ! એવા વિચારો ધરાંવતા ડો. કિરણ પટેલનો જન્મ મોટાફોફળીયા ગામના શિક્ષક પરિવારના પરોપકારી તેમજ સેવાભાવી એવા શ્રી છોટુભાઇ તેમજ સવિતાબેનને ત્યાં દક્ષિણ આફ્રિકાના ઝામ્બીયામાં તા. ૧૦ માર્ચ ૧૯૯૪૯ ના રોજ થયો.. શાળાકિય અભ્યાસ ઝામ્બિયામાં , કેમ્બ્રીજ યુનિવર્સીટી તથા યુનિવર્સીટી ઓફ લંડનમાંથી ડીપ્લોમા મેળવ્યા બાદ ગુજરાત યુનીવર્સીટીમાં તબીબી અભ્યાસ અર્થે 70 ના દાયકામાં ભારતમાં આગમન. ભારતમાં તબીબી અભ્યાસ પ્રાપ્ત કરી અમેરીકામાં કોલંબીયા યુનીવર્સીટી ઓફ ન્યુયોર્કમાંથી કાર્ડીયોલોજી ફેલોશીપ પ્રાપ્ત કરી. 80ના દાયકામાં અમેરીકાના ટેમ્પા બે વિસ્તારમાં પ્રાયવેટ પ્રેકટીશ શરૂ કરી સ્થાયી થયા. જોત જોતાંમાં 14 જેટલી હોસ્પિટલોનું સામ્રાજય ઊભુ કર્યુ. પોતાના પિતાના વારસામાંથી મળેલી મેનેજેન્મેન્ટ સ્કીલના પરિપાક રૂપે ખૂબ જ ટુંકા સમયમાં બીલીયન ડોલર હેલ્થ ઇન્સ્યોરન્સ કંપનીના માલિક બન્યા.

અભ્યાસ અને વ્યવસાય ક્ષેત્રમાં પોતાની આગવી આવડત અને ઊભી થયેલી ઓળખ સાથે વ્યવસાયમાંથી મેળવેલ કમાણીના ધનને જે સમાજમાંથી પ્રાપ્ત કર્યુ છે તેવા સમાજ તથા પોતાના વતનના વંચિત છેક છેવાડાના સમાજ માટે આ ધનનો સદ્‌પયોગ કરવાના એક ચોકકસ ધ્યેય સાથે સેવાકીય પ્રવૃત્તિમાં સક્રિય થયા.

પોતે વ્યવસાયે તબીબ હોવાના નાતે તથા વતનમાં રહેતા પિતાશ્રીની અદમ્ય ઇચ્છાનુસાર વડોદરા જિલ્લાના મોટાફોફળીયા મુકામે 50 પથારીની સગવડ ધરાંવતું આરોગ્ય કેન્દ્રના નિર્માણ કર્યુ. પોતાના તબીબી અનુભવ અને સેવાવ્રતી સ્વભાવના પરિણામે સરકારશ્રીના આર્થિક સહયોગ અને સંસ્થાના વહિવટ અને આર્થિક તેમજ લાભાર્થીના સેવા સહયોગનું પબ્લીક પ્રાયવેટ પાર્ટનરશીપનું રાષ્ટ્રીય સ્તરે આદર્શ મોડેલ વિકસાવ્યું. આરોગ્યની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં સમયની તાતી જરૂરિયાત એટલે કે અંગ્રેજી માધ્યમનું શિક્ષણ ગ્રામ્ય વિસ્તારના બાળકોને મળી રહે તે માટે વિશાળ રમતગમત સંકુલ

સહિતની અદ્યતન આંતર રાષ્ટ્રીયસ્તરની આશરે દશેક કરોડની માતબર રકમના ખર્ચે  શૈક્ષણિક સંકુલના નિર્માણમાં સક્રિય રીતે સહભાગી.

રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે વિશાળ ફલક પર કામ કરતાં અને સદ્‌ગત શ્રી સુનીલ દત્ત સાહેબના શબ્દોમાં કહીએ તો મહારાજા જેવું જીવન જીવતાં જીવતાં પોતાના મૂળ વતન એવા મોટાફોફળીયાના છેકછેવાડાના ગરીબ આદિવાસી પરિવારોને પણ ભૂલ્યા નહી. એક સમય એવો હતો કે આશરે 2700ની વસતી ધરાવતા મોટાફોફળીયાની 1600 વ્યકિતઓ ખુલ્લામાં મળત્યાગ કરવા જઇ રહી હતી.જેને પોતાની વિશેષ સામાજિક જવાબદારી સમજી ગ્રામજનોના શ્રમ સહયોગથી અને સરકારશ્રીના આંશિક આર્થિક તેમજ માર્ગદર્શન અને પોતાના આર્થિક સહયોગથી સ્વચ્છતા ત્યાં પ્રભૂતાના શીલાલેખને મૂર્તિમંત કરવા શૌચાલયને દેવાલય બનાવી ગામના તમામ પરિવારોને સંપૂર્ણ સ્વચ્છતાની અનુભૂતિ કરાવી. જેની નોંધ  લઇને ભારત સરકારશ્રીએ મોટાફોફળીયા ગામને  રાષ્ટ્રપતિ પુરસ્કૃત નિર્મળ ગામ ઘોષિત કર્યુ  આમ, આ સ્વચ્છતા અભિયાનના પરિપાક રૂપે આજે મોટાફોફળીયા ગામમાંથી બીમારીઓએ વિદાય કરી સ્વસ્થ અને સમૃદ્ધ સમાજના શીલ્પી બન્યાં..

ઇ.સ. 2003માં  40000 ભારતીય ડોકટરોના બનેલા અમેરિકન એશોસીએશન ઓફ ઇન્ડીયન ઓરીજીન ( AAPI) ના પ્રમુખ બન્યા. સને 2001માં ગુજરાત રાજયમાં  આવેલા ભયાનક ભૂકંપને કારણે થયેલી વિનાશક તાબાહીમાં નષ્ટ થયેલ ગ્રામ્યવિસ્તારના પુનઃ નિર્માણમાં પોતાની આગવી નેતૃત્વ કુશળતાથી જામનગર જિલ્લાના કાલાવડ, નિકાવા, ધ્રોલ, જોડીયા મુકામે અદ્યતન હોસ્પિટલો તથા કચ્છના નાના દહીસરા ગામનું પુનઃ નિર્માણ તેમજ શિનોય મુકામે અનાથાશ્રમ વગેરે જેવા આશરે દસેક કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવેલ  પુનઃ નિર્માણકાર્યમાં સહભાગી બન્યા.  ભારતના દક્ષિણે આવેલ સુનામી હોનારતમાં પણ તેઓના  આર્થિક સહયોગથી શાળા સંકુલો અને આરોગ્ય સંકુલોના નિર્માણ કાર્યમાં પણ સહભાગી બન્યાં.

જે  ધરતી પરથી આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી એ ધરતીનું પણ ઋણ ચૂકવવાનું ભૂલ્યા નહી અને દરેક ગુજરાતીના ગૌરવ સમું  કર્ણને ઇર્ષા  જગાવે એવું માતબર દાન  આશરે 155 કરોડ રૂપિયાનું કર્મભૂમિ ટેમ્પા ફલોરીડામાં આવેલ યુનિવર્સીટી ઓફ સાઉથ ફલોરીડાને આપી કર્મભૂમિ પ્રત્યેનું  ઋણ અદા કર્યુ. સાથે સાથે અમેરીકન સમાજના ગરીબ વિદ્યાર્થીઓ માટે હોપ  સ્કોલરશીપની યોજના બનાવી આશરે 100 વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરાવવામાં સહભાગી બની રહ્યા. આપના દેશની સતાવતી સમસ્યા એચઆઇવી એઇડ્સને નાથવા  યુનીવર્સીટી ઓફ સાઉથ ફલોરીડાના ધ ચાર્ટ ઇન્ડીયા  કાર્યક્રમ

અંતર્ગત ભારતભરમાં 41 એચઆઈવી ક્લીનીક સેન્ટર દ્વારા આરોગ્ય શિક્ષણ, એઈડસ માટે જનજાગૃતિ, સારવાર અને અટકાયતના કાર્યક્રમોમાં સક્રિયતા સાથે આર્થિક સહયોગ.

પોતાની જન્મભૂમિ આફ્રિકાને પણ યાદ કરી ત્યાં પણ એચઆઇવી એઇડ્સ તેમજ હાર્ટ હોસ્પિટલને ઊભી કરવાના મુખ્ય પ્રણેતા અને આર્થિક તેમજ માર્ગદર્શક સહયોગમાં અગ્રેસર રહ્યા.
પટેલ ફાઉન્ડેશન ફોર ગ્લોબલ અન્ડરસ્ટેન્ડીગ અમેરીકાના સ્થાપક પ્રમુખ , શકિતકૃપા ચેરી ટેબલ ટ્રસ્ટના ચીફ પેટ્રન , યુનીવર્સીટી ઓફ સાઉથ ફલોરીડા, અમેરીકા ઇન્ડીયા ફાઉન્ડેશન, -AAPI અમેરીકાના બોર્ડ ઓફ ટ્રસ્ટીમાં તેઓની સેવાકીય અને વહીવટી આવડતને લઇને સ્થાન શોભાવી રહ્યા છે.

કહેવાય છે કે દરેક પુરૂષની સફળતામાં સ્ત્રીનો મહત્વનો ફાળો હોય છે તેવા જ એમના માતૃશ્રી સવિતાબાના આર્શીવાદ અને સંસ્કાર તથા સહધર્મચારિણી તથા સવાયા ઉદાર ડો. પલ્લવીબેન પટેલ અને તેઓના ત્રણેય સંતાનો તથા ભાઇઓ ડો. દિનેશ પટેલ અને પ્રદિપ પટેલના તેઓ પ્રેરણા સ્ત્રોત અને કુંટુંબના વડીલ બની રહ્યા છે.

# ज़ीवने यावदादानं स्यात् प्रदानं ततोऽधिकम् ।
# इत्येषा प्रार्थनाऽस्माकं भगवन् परिपूर्यताम् ।।

**જીવનમાં જેટલું પ્રાપ્ત કરીએ તેનાથી અનેક ગણું**
**સમાજને આપી શકીએ એવી અમારી પ્રાર્થના છે,**
**હે પ્રભુ ! આપ પૂરી કરો.**

# परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्थ ।।

**પરસ્પર ભાવપૂર્ણ કાર્યો કરતાં રહીને પરમ કલ્યાણ પ્રાપ્ત કરીએ.**

# सर्वे सन्तुं निरामया